# 29

**મહીસાગર અને આણંદ જિલ્લામાં નલ સે જલ યોજના**

* **15/4/2548** શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહીસાગર અને આણંદ જિલ્લામાં તાલુકાવાર નલ સે જલ યોજના હેઠળ પાણી પુરૂ પાડવાની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવેલ છે, | (૧) મહીસાગર અને આણંદ જિલ્લામાં તાલુકાવાર નલ સે જલ યોજના હેઠળ પાણી પુરૂં પાડવાની કામગીરી પુર્ણ કરવાની વિગત દર્શાવતું પત્રક –૧ પર સામેલ છે |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા ગામોને ઉક્ત યોજના હેઠળ પાણી પુરૂ પાડવામાં આવે છે, અને | (૨) મહીસાગર અને આણંદ જિલ્લામાં તાલુકાવાર જે ગામોને ઉક્ત યોજના હેઠળ પાણી પુરૂં પાડવામાં આવે છે તેની વિગત દર્શાવતું પત્રક–૨ પર સામેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ કામગીરી પૂર્ણ થયેલ હોવા છતાં ઉક્ત તાલુકાવાર કેટલા ગામોમાં કયા કારણોસર પાણી મળતું નથી? | (૩) મહીસાગર જિલ્લાના જુથ યોજના દ્વારા ૫૮૦ ગામો જુથ યોજના હેઠળ આવરી લીધેલ છે. જયારે બાકીરહેતા ૧૩૩ ગામો પૈકી ૧૧૮ ગામોને પ્રગતિ હેઠળની જુથ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. જેના કામો પ્રગતિ હેઠળ છે. બાકી રહેતા ૧૫ ગામોનું આયોજન થયેલ છે અને તેના અંદાજો બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આવા પ્રગતિ અને આયોજન હેઠળના ગામો સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવી રહેલ છે.<br>મહીસાગર જિલ્લાના આંતરિક ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં સીજનલ સોર્સ સુકાઇ જવાના કારણે, જે તે ગ્રામ પંચાયત દ્વારા સંચાલન ન કરવાને કારણે, આંતરિક વિખવાદ, એજન્સીની નિષ્કાળજીના કારણે, વિજકરણના પ્રશ્નોના કારણે, લીકેજના કારણે હાલ ૨૭૩ ગામોમાં નિયમિત પાણી પુરવઠો પુરો પાડવામાં સમસ્યા આવી રહેલ છે, જેના નિરાકરણની કામગીરી હાલમાં કરવામાં આવી રહેલ છે. આ સમસ્યાવાળા ગામોમાં હાલ સ્થાનિક સોર્સ જેવા કે હેન્ડપંપ, બોર–મોટર, સાદા કુવા અન્ય આધારિત પાણી મેળવી રહેલ છે.<br>આમ મહીસાગર જિલ્લાના તમામ ગામો જુથ યોજના સાથે જોડવામાં આવી રહેલ છે. |

---------------------------------------

| પત્રક - ૧ | | |
|---|---|---|
| તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહીસાગર અને આણંદ જિલ્લામાં નલ સે જલ યોજના અંતર્ગત તાલુકાઓ ક્યારે પુર્ણ કરવામાં આવેલ છે તેની વિગત દર્શાવતું પત્રક | | |
| **ક્રમ નં** | **તાલુકાનું નામ** | **પુર્ણ કરેલ તાલુકો (મહિનો/વર્ષ)** |
| **મહીસાગર જિલ્લો** | | |
| ૧ | કડાણા | ઓક્ટોમ્બર–૨૦૨૨ |
| ૨ | ખાનપુર | |
| ૩ | બાલાસિનોર | |
| ૪ | લુણાવાડા | |
| ૫ | વિરપુર | |
| ૬ | સંતરામપુર | |
| **આણંદ જિલ્લો** | | |
| ૧ | આણંદ | ઓક્ટોમ્બર–૨૦૨૦ |
| ૨ | ઉમરેઠ | |
| ૩ | આંકલાવ | |
| ૪ | બોરસદ | |
| ૫ | પેટલાદ | |
| ૬ | સોજીત્રા | |
| ૭ | ખંભાત | |
| ૮ | તારાપુર | |

| પત્રક – ૨ | | | | | |
|---|---|---|---|---|---|
| **તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહીસાગર અને આણંદ જિલ્લામાં નલ સે જલ યોજના અંતર્ગત પાણી પુરૂં પાડવામાં તેની વિગત દર્શાવતું પત્રક** | | | | | |
| **ક્રમ નં** | **તાલુકાનું નામ** | **કુલ ગામો** | **લોકલ સોર્સ આધારિત પાણી પુરૂં પાડવામાં આવે છે તેવા ગામોની સંખ્યા** | **જુથ યોજના આધારિત પાણી પુરૂં પાડવામાં આવે છે તેવા ગામોની સંખ્યા** | **કુલ સંખ્યા** |
| **મહીસાગર જિલ્લો** | | | | | |
| ૧ | કડાણા | ૧૩૨ | ૫૭ | ૭૫ | ૧૩૨ |
| ૨ | ખાનપુર | ૮૬ | ૧ | ૮૫ | ૮૬ |
| ૩ | બાલાસિનોર | ૫૨ | ૧૨ | ૪૦ | ૫૨ |
| ૪ | લુણાવાડા | ૨૩૯ | ૫૦ | ૧૮૯ | ૨૩૯ |
| ૫ | વિરપુર | ૫૩ | ૬ | ૪૭ | ૫૩ |
| ૬ | સંતરામપુર | ૧૫૨ | ૬૪ | ૮૮ | ૧૫૨ |
| **કુલ :–** | | **૭૧૪** | **૧૯૦** | **૫૨૪** | **૭૧૪** |
| **આણંદ જિલ્લો** | | | | | |
| ૧ | આણંદ | ૪૧ | ૪૧ | ૦ | ૪૧ |
| ૨ | ઉમરેઠ | ૩૯ | ૩૯ | ૦ | ૩૯ |
| ૩ | આંકલાવ | ૩૨ | ૩૨ | ૦ | ૩૨ |
| ૪ | બોરસદ | ૬૫ | ૫૦ | ૧૫ | ૬૫ |
| ૫ | પેટલાદ | ૫૫ | ૪૮ | ૭ | ૫૫ |
| ૬ | સોજીત્રા | ૨૧ | ૭ | ૧૪ | ૨૧ |
| ૭ | ખંભાત | ૬૩ | ૧ | ૬૨ | ૬૩ |
| ૮ | તારાપુર | ૪૧ | ૦ | ૪૧ | ૪૧ |
| **કુલ :–** | | **૩૫૭** | **૨૧૮** | **૧૩૯** | **૩૫૭** |